**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૯૮ ટકા

# આવતીકાલે ગુરૂપૂર્ણિમા : ગુરૂ પૂજાનો મહાઅવસર

## મહર્ષિ વેદ વ્યાસની જન્મજયંતિ પર ઉજવવામાં આવે છે ગુરૂપૂર્ણિમા : શહેરમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૧

અષાઢ સુદ પૂનમ અને ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે સર્વે ગુરુજનોને પ્રણામ.. ગાંધીનગરમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણીનું આયોજન શાળા, કોલેજો, મંદિરો, સામાજિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું છે. આ દિવસે વેદના રચયિતા વેદ વ્યાસની જન્મજયંતિ ઉજવવામાં આવે છે અને તેમની વિશેષ પૂજા કરવામાં આવે છે. તેમણે માનવજાતને વેદોનું જ્ઞાન આપ્યું છે આ દિવસે ગુરૂની પૂજાની ખાસ મહત્વ છે. અજ્ઞાન અવિશ્વા અને અસત્યનો નાશ કરે તે ગુરૂ.. આજે ગુરૂ શબ્દ તેના સાચા અર્થમાં બોલાતો કે વપરાતો નથી.. પણ ખાવા જતી વખતે મિત્રને બોલવતાં કેમ ગુરૂ પાન ખાવા આવવું છે.? અથવા ગુરૂ હમણાં કયાં ખોવાઈ ગયા હતા..? દેખાતા જ નથી.. કોઈ વિચિત્ર પ્રકૃતિનો માસણ હોય તો તેને ગુરૂ કહી સંબોધન થાય છે. આ રીતે અયોગ્ય વ્યક્તિ માટે અયોગ્ય સમયે સ્થાને આ ગુરુ શબ્દનો વપરાશ તેના સાચા અર્થથી તેનું અર્થગાંભીર્ય અર્થહીન થયું હોય તેમ નથી લાગતું..? સાંદીપની ઋષિના આશ્રમ અને આજની શૈક્ષણિક સંસ્થાઓ કરતાં અતિ આધુનિક ધમધમાટ ચાલતા શોપીંગ સેન્ટરોના કલાસીસ શું વિદ્યાર્થી અને શિક્ષક, ગુરૂ અને શિષ્યના સંબંધોમાં પરિવર્તન નથી લાવ્યું..? આ નો જવાબ હા.. માં આપવો જ પડશે. જાણીતા જયોતિષ વિષ્ણુ વૈષ્ણવે ગુરુ પૂર્ણિમા નિમિત્તે જણાવ્યું હતું કે ગુરૂ શિષ્યની પરંપરા એ પ્રાચીન સંસ્કૃતિ થઈ ગઈ છે. આ આધુનિક સમાજની કમનસીબી છે ભારતીય સંસ્કૃતિમાં માનવતા ઉત્થાનમાં જે વિચાર, પરંપરા વગેરેનું પ્રદાન કરેલ છે તેમાં ગુરૂનું આગવું સ્થાન છે. સંસ્કૃતિના ઘડતરનું કામ છુટી છવાઈ રીતે અનેક ઋષિઓએ કર્યું પણ વેદવ્યાસે બધા વિચારોનું સંકલન કરી ભારતીય સંસ્કૃતિને અનેક ગ્રંથો આપ્યા. ભગવાન શ્રીકૃષ્ણે જેમને પોતાની વિભુતિ તરીકે બિરદાવ્યા છે એ વેદ વ્યાસના જીવન અને કવનને અમર બનાવવા તેમના અનુગામી ચિંતકોએ અને સમાજે જે સંસ્કૃતિના વિચારોનો પ્રચાર અને પ્રસાર સમાજમાં કરે તેને વ્યાસની ઉપાધિથી સંબોધ્યા. જેના પર ઉપદેશ અપાય તેને વ્યાસપીઠ નામ અપાયું. વ્યાસપૂજા આ પરંપરાનો શબ્દ પ્રયોગ છે જેનું પરિવર્તન આજે ગુરૂપૂર્ણિમામાં થયું છે.

ગુરુ એટલે લઘુ નથી તે.. ગુરૂપૂજન એટલે જ્ઞાનનું પૂજન-ધ્યેય પૂજન.. ગુરૂ પરંપરાની ભારતીય સંસ્કૃતિમાં આગવી વિશિષ્ટતા છે. હું કોઈનો છુ.. એ મધુર ભાવ તેમાં છે. શુક્રાચાર્યના ગુરૂ જનક હતા અને જનકના ગુરૂ યારિવલ્કય હતા. સાંદીપનીના શિષ્ય કહેવડાવવામાં કૃષ્ણ અને સુદામા બંને ગૌરવ અનુભવતા.

વિતનું હરણ કરવાવાળા ગુરૂ ઘણા મળે છે પણ જીવન બદલાવી નાંખતા હૃદય પલટાવી નાંખે ચિતનું હરણ કરવાવાળા ગુરૂ દુર્લભ છે. આમ તો વર્ષના બાર માસમાં બાર



પૂર્ણિમા આવે છે. અન્ય કોઈ માસની પૂર્ણિમાને ગુરૂની સાથે ન જોડતાં અષાઢની જ પૂર્ણિમાને ગુરૂની સાથે જોડેલ છે. સાચો રાહ ફકત ગુરૂ જ બતાવી શકે અને તેથી જ અષાઢ માસની પૂર્ણિમાને ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરઃ, ગુરૂ સાક્ષાત્, પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરૂવે નમ :

## પ્લાસ્ટિક મુક્ત શહેર માટે મનપાની ડ્રાઈવ, ૩૫૦ કિલોગ્રામ પ્લાસ્ટિક એકત્ર કરાયું





ગાંધીનગર, તા.૧,

ગાંધીનગર શહેરને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુકત શહેર બનાવવાના હેતુસર આજરોજ સેક્ટર ૨૧ ખાતે આવેલ માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ એસ્ટ્રલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન ડ્રાઈવ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શાળાનાં બાળકોને પોતાના ઘરેથી બિન જરૂરી/નકામુ પ્લાસ્ટિક લાવવા માટે જણાવવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો અને અન્ય કર્મચારીઓ પાસેથી અંદાજીત ૩૫૦ કિ.ગ્રા. પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન કરવામાં આવ્યું હતું. આ એકત્ર કરવામાં આવેલ પ્લાસ્ટિકને રિસાયકલ કરીને તેમાંથી ગૃહ ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવશે. આ પ્રયત્ન દ્વારા આજે ૩૫૦ કિ.ગ્રા પ્લાસ્ટિક વેસ્ટને ડમ્પ સાઈટ સુધી જતો અટકાવવામાં આવ્યો છે. મહાનગરપાલિકા દ્વારા ૫૦૦ ગ્રામથી વધારે પ્લાસ્ટિક લાવનાર ૨૧૨ વિદ્યાર્થીઓ/ શિક્ષકોને રિસાયકલ પ્લાસ્ટિકમાંથી બનાવેલ કુંડા આપવામાં આવ્યા હતા.



અહીં ફૂટપાથ ફક્ત નામના રહી ગયા હોય તેમ લાગે છે ફૂટપાથ પર ખાણીપીણી વાળાએ અડ્ડો જમાવી દીધો છે ૧-૨ વર્ષ થઈ ગયાં પણ ફૂટપાથ પર ખાણીપીણી નો અડ્ડો એમનો એમ જ છે અને ટર્નિંગ પોઈન્ટ પર ફૂટપાથ જ નથી ત્યાં રીક્ષાચાલકોઓ એ ટર્નીંગ પર જ અડ્ડો જમાવી દીધો છે જ્યાં ટર્ન લેતાં બધાં જ લોકોને તકલીફ પડે છે અને આજ જગ્યાએ રોડ જાણે ક્યાં ગાયબ થઈ ગયો એજ ખબર પડતી નથી.

## આડેધડ વાહન પાર્કિંગ તથા ગંદકી બદલ ડી-માર્ટ સામે શિક્ષાત્મક કાર્યવાહી






ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ડી-માર્ટ સહિતના કોમર્શિયલ એકમો સામે ગંદકી કરવા તથા આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિક સર્જવા બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. સરગાસણ ડી-માર્ટ ખાતે વાહનોનું બિન અધિકૃત દબાણ કરવામાં આવ્યું હતું. જેના લીધે ટ્રાફિક જામ થવાની સમસ્યા હતી તથા કાગળ અને પ્લાસ્ટિકનો કચરો જોવો મળ્યો હતો. જેથી ડી-માર્ટને નોટિસ આપી રૂપિયા ૧૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત ડી-માર્ટ પાસે આવેલા સોનલબેન ખાખરાવાળા નામની દુકાન પાસેથી રૂપિયા ૧૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. તેમજ ફરીથી આવી ચૂક ન થાય તે માટે તાકીદ કરવામાં આવી હતી. હવે પછી જે પણ કોમર્શિયલ એકમો બેઝમેન્ટ પાર્કિંગ હોવા છતા વાહનો બહાર પાર્ક કરાવશે તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જે કોમર્શિયલ એકમો પાસે બેઝમેન્ટ પાર્કિંગની સુવિધા છે તેઓએ ફરજિયાત બેઝમેન્ટમાં જ પાર્કિંગ કરાવવાનું રહેશે જેથી. રસ્તા પર અડચણરૂપ ન થાય. જો આવું કરવામાં ચૂક થશે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

## સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કુલ ખાતે ડોકટર દિવસની ઉજવણી





ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જીલ્લામાં આવેલ સેક્ટર ૧ ખાતે ૨૧ વર્ષ થી કાર્યરત સ્માર્ટ કીડ્સ નર્સરી સ્કૂલ દ્વારા તા. ૦૧/૦૭/૨૦૨૩ (શનિવાર) ના રોજ શાળામાં હેપ્પી ડોક્ટર ડે ની ઉજવણી કરવામાં આવી. ડોક્ટરના સમર્પણ અને ઈમાનદારી પ્રત્યે સન્માન વ્યકત કરવાના હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવી. સ્માર્ટ કિડ્સ બેચ વર્ષ ૨૦૨૩ના બાળકોના આશરે ૪૦ માતા-પિતા ગાંધીનગર શહેરમાં ખ્યાતનામ ડોક્ટર છે જેમનું સ્માર્ટ કીડ્સ નર્સરી સ્કૂલ દ્વારા સન્માન કરવામાં આવ્યું. અને આયુનમ ગ્રુપના ગાંધીનગર ડોક્ટર હાઉસ દ્વારા સ્પોનસર ભેટ આપવામાં આવી. આ ઉપરાંત બાળકોનું ડેન્ટીસ્ટ પેરેન્ટસ ડોકટરો દ્વારા કોઈપણ ચાર્જ વગર ચેકઅપ કરાવાયું. અમદાવાદ ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ હોસ્પિટલ થી આવેલ નિષ્ણાંત ડોકટરોની ટીમે રજૂઆત કરી માતા-પિતાને બાળકોની હેલ્થ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## એસ.વી.શાળામાં પેરેંટ ટોક સેશન યોજાયું



ગાંધીનગર, તા.૧

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં શાળા દ્વારા ગત શૈક્ષણિક વર્ષ દરમિયાન દર મહિને 'પેરેંટ ટોક' સેશન યોજવામાં આવ્યું હતું, જેની અપાર સફળતાને પગલે આ વર્ષે જૂન માસ દરમિયાન પણ આ સેશન યોજાઈ ગયું, જેમાં શાળાના નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે.જી. ના દરેક ક્લાસના એક-એક બાળકના વાલીશ્રીને પોતાના કાર્યક્ષેત્રને અનુરૂપ વિષય ઉપર બાળકો સાથે વાર્તાલાપ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યુંહતું. જૂન માસ દરમિયાન યોજાયેલી 'પેરેંટ ટોક' સેશનમાં વાલીશ્રીઓએ વિવિધ વિષયો ઉપરનું પોતાનું જ્ઞાન ચાર્ટ, મોડેલ અને પીપીટી દ્વારા બાળકો સમક્ષ અત્યંત ઉત્સાહથી રજૂ કર્યું હતું. અમુક વાલીશ્રીઓએ બાળકો સાથે રમતો રમી હતી, જ્યારે અમુકે એક્ટિવિટી પણ કરાવી હતી. બાળકો માટે આ સેશન ઘણું જ ફળદાયી રહ્યું હતું. વાલીશ્રીઓએ આ સેશન માટે ખૂબ જ મહેનત લીધી હતી, જે બદલ શાળા પરિવારે તેમનો આભાર માન્યો હતો. જ્યારે વાલીઓએ પણ આ નવતર પ્રયોગ કરવા બદલ અને પોતાને મોકો આપવા બદલ મેનેજમેન્ટ પ્રતિ આભાર અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

## ૬ નેશનલ ફીનસ સ્વિમીંગ હરીફાઈમા ગાંધીનગરના બે સ્પર્ધકો એ ૧૯ જીમખાનાનું ગૌરવ વધાર્યુ

ગાંધીનગર, તા.૧



તા. ૨૪ થી ૨૬ જુન દરમીયાન ઉત્તરાખંડ નૈનિતાલ ખાતે ૬ નેશનલ ફિનસ સ્વિમીંગ હરીફાઈમા ગાંધીનગરના બે સ્પર્ધકો શ્રેયસ યાદવ અને હિરેન પરમાર ગોલ્ડ મેડલ, સીલ્વર મેડલ તેમજ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ માટે ૧૯ જીમખાના મેનેજર ચંપાવતે ધન્યવાદ આપ્યા હતા તેમજ ગાંધીનગર સ્વીમીંગ એસો.ના પ્રમુખ અરુણ બુચે ટેલીફોનીક વાતચીતમાં આશીર્વાદ આપી ધન્યવાદ આપ્યા હતા.

## રોટરી ક્લબ ઓફ કેપિટલને "ડીસ્ટ્રીક્ટ એવોર્ડ સેરેમની-૨૦૨૩"માં પાંચ એવોર્ડ એનાયત




રોટરી ઈન્ટરનેશનલના ડીસ્ટ્રીક્ટ-૩૦૫૪ દ્વારા રમાડા રીસોર્ટ, ઉદેપુર ખાતે યોજાયેલા ડીસ્ટ્રીક્ટ એવોર્ડ સેરેમની-૨૦૨૩માં ડીસ્ટ્રીક્ટની ૧૭૫થી વધારે રોટરી ક્લબના વચ્ચે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરને પાંચ એવોર્ડ પ્રાપ્ત થયા હતાં. તાજેતરમાં યોજાયેલા એવોર્ડ ફંક્શનમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરને (૧) ડીજી સાઈટેશન (૨) બેસ્ટ હેલ્થ હાયજીન પ્રોજેક્ટ (૩) બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ કોમ્પીટીશનમાં રોટે. મિનાક્ષીબેન ઠક્કરને (૪) બેસ્ટ પ્રોજેક્ટ વીથ અધર ઓર્ગેનાઈઝેશન (૫) બેસ્ટ મેડીકલ કેમ્પમાં પણ એવોર્ડ પ્રાપ્ત થયાં હતાં.

## તેનઝિંગ નોર્ગે નેશનલ એવેંચર એવોર્ડ જોગ

ગાંધીનગર, તા.૧

ભારત સરકાર ના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા એવેંચર ક્ષેત્ર મા વિશિષ્ટ કામગીરી માટે તેઝિંગ નોર્ગે નેશનલ એવેંચર એવોર્ડ આપવામા આવે છે યુવાનોમા સહન શક્તિ, સાહિસક્તા નેતૃત્વ સહયોગની ભાવના ટીમ વર્ક વગેરે ને પ્રોત્સાહન આપવા માટે આ એવોર્ડ આપવામા આવે છે ભુમિ વાયુ અને જળ ક્ષેત્રમા સાહસિક પ્રવૃતિ સાથે સંક્લાયેલા યુવાનો આ એવોર્ડ માટે તા.૭ સુધી જીલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગર જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી સહયોગ સંકુલ "સી" વિંગ્સ, છઠ્ઠે માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર ખાતે ફોર્મ ભરી શકશે સમય મર્યાદા બાદ આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ જેની ખાસ નોધ લેવી, તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારીએ જણાવ્યું છે.



શિવશક્તિ મંદિર સેકટર ૩ન્યૂ મંદિર ના પૂજારી જીગ્નેશભાઈ જોષી દ્વારા કુંવારીકા હસ્તે ગૌરી વ્રત તથા જયાપાર્વતી વ્રત નું પૂજન કરવામા આવ્યું હતું. જેમા મોટી સંખ્યામાં બહેનોએ પૂજા અર્ચન કરી શિવકૃપા માટે પ્રાર્થના કરી હતી.

## ગોપાલ એમ.પંડયા પીએચ.ડી થયા

ગાંધીનગર, તા.૧




ગોપાલ એમ.પંડયા એડવોકેટ પર્યાવરણના વિષય અનુસંધાને રાઈટ ટુ સેફ વોટર એન્ડ ગ્રાઉન્ડ વોટર મેનેજમેન્ટના કાયદા ઉપર ડો. પ્રાંચીબેન મોતીયાનીના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી ની પદવી પ્રાપ્ત કરી છે.




સોશ્યિલ એકટીવીટી ચેરીટેબલ ટ્રસ્ટ **Andrew** દ્વારા ગાંધીનગર ની સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૮/૧, સેક્ટર-૨૯/૧, જીઈબી, સેક્ટર-૨૭, સેક્ટર-૨૪/૧, સેક્ટર-૧૬, સેક્ટર-૧૫, સેક્ટર-૨૦ અને ગોકુલપુરા માં અભ્યાસ કરતી ૫૦૦ છોકરીઓ જે શાળામાં સમયસર આવે છે અને અષાઢ સુદ એકાદશીથી ગૌરી વ્રત કર્યું હોય અથવા અષાઢ સુદ તેરસથી જયા પાર્વતી વ્રત કર્યું હોય એવી દિકરીઓ ને મોળી કેળાની વેફર આપવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



**હિતેન્દ્ર પટેલ**
ભાજપ કિસાન મોરચો



**મહેન્દ્રસિંહ શિવસિંહ રાઠોડ**
મો. ૯૭૨૩૭ ૮૫૮૯૮



**ભાવના પાઠક**
લાયોનેસ ક્લબ, ગાંધીનગર




**રિમા મોદી**
લાયોનેસ ક્લબ, ગાંધીનગર



**મુકેશભાઈ કાલાવાડિયા**
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ
મો. ૯૮૨૪૫ ૦૮૫૯૮



**માયરાસિંઘ હિમાંશુભાઈ**
મો. ૯૫૧૦૫ ૦૯૪૦૭



**નિવિતા નિકુંજકુમાર ભાવસાર**
મો. ૭૨૮૪૦ ૧૩૩૮૨

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.વાઘેલા જશુજી ભીખુજી** ઉ.વ.૭૫, પેથાપુર
- **સ્વ.વાઘેલા દિલીપસિંહ ભીખાજી** ઉ.વ.૫૩, દેલવાડ, માણસા
- **સ્વ.દંતાણી વિજયભાઈ રામસિંગભાઈ** ઉ.વ.૩૫, ધોળાકુવા
- **સ્વ.જાડેજા બાલુભા તખુભા** ઉ.વ.૬૭, પેથાપુર
- **સ્વ.હરેસ્વામી અદિદ્રવિડ આઈપ્પાન** ઉ.વ.૬૫, ગાંધીનગર